adani
Gas

19th September, 2023

**BSE Limited**
P J Towers,
Dalal Street,
Mumbai – 400001

**Scrip Code: 542066**

**National Stock Exchange of India Limited**
Exchange plaza,
Bandra-Kurla Complex, Bandra (E)
Mumbai – 400051

**Scrip Code: ATGL**

Dear Sir/Madam,

**Sub: Newspaper advertisement for dispatch of Notice of Postal Ballot**

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we enclosed herewith copies of Notice published in the Indian Express (English) and Jai Hind (Gujarati) of Tuesday, 19th September, 2023 regarding electronic dispatch of Notice of Postal Ballot.

Kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
For **Adani Total Gas Limited**
GUNJAN MAHESHKUMAR TAUNK
Digitally signed by GUNJAN MAHESHKUMAR TAUNK
Date: 2023.09.19 15:36:46 +05'30'
**Gunjan Taunk**
Company Secretary

Encl.: As above.

Adani Total Gas Limited
(Formerly known as Adani Gas Ltd)
Heritage Building, 8th floor,
Ashram Road, Usmanpura,
Ahmedabad-380014, Gujarat, India
CIN: L40100GJ2005PLC046553

Tel +91 79 2754 1988
Fax +91 79 2754 2988
info@adani.com
www.adanigas.com

Registered Office: "Adani Corporate House", Shantigram, Near Vaishno Devi Circle, S. G. Highway, Khodiyar, Ahmedabad - 382421

## પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કર્મીઓ માટે માઠા સમાચાર

# પીએફ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે વ્યાજદરની જાહેરાત ન કરવા આદેશ

નવી દિલ્હી, તા.૧૮

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે ઈપીએફઓદ્વારા દર નાણાકીય વર્ષ માટે વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવે છે. પીએફ ખાતાધારકોને સંબંધિત નાણાકીય વર્ષમાં તેમની જમા રકમ પર આ નક્કી કરવામાં આવેલા સુધારા પ્રમાણે વ્યાજ ચૂકવવામાં આવે છે, પરંતુ પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કરોડો કર્મચારીઓ માટે એક માઠા સમાચાર સામે આવી રહ્યા છે. મળી રહેલી માહિતી પ્રમાણે ઈપીએફઓને નાણા મંત્રાલય દ્વારા મંજૂરી ન આપવામાં આવે ત્યાં સુધી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વ્યાજદરની જાહેરાત ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. એવું કહેવાઈ રહ્યું છે કે ઈપીએફસંસ્થા ખોટમાં ગઈ છે. ઈપીએફઓ શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ આવે છે અને હાલમાં ઈપીએફઓના ૭ કરોડથી વધુ સભ્યો છે અને આ ઈપીએફઓદ્વારા કર્મચારીઓની કર્મચારી ભવિષ્ય નિધિ અને કર્મચારી પેન્શન યોજનાનું સંચાલન કરવામાં આવે છે.


નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, ઈપીએફઓપાસે ૪૪૯.૩૪ કરોડ રૂપિયાનું

### ચાલુ નાણાકીય વર્ષમાં, ઈપીએફઓ ૧૯૭.૭૨ કરોડ રૂપિયા ખોટમાં ગયું હોવાની માહિતી મળી

સરપ્લસ હતું, જયારે ચાલુ નાણાકીય વર્ષમાં, ઈપીએફઓ ૧૯૭.૭૨ કરોડ રૂપિયા ખોટમાં ગયું હોવાની માહિતી મળી રહી છે. આ બાદ જ ચૂકવવામાં આવનાર વ્યાજ દર પર પુનર્વિચાર કરવાનો નિર્ણય નાણા મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી થોડા દિવસોમાં જ પીએફ પરના વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે એવી શકયતા વ્યક્ત કરાઈ રહી છે. આવી પરિસ્થિતિમાં પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓની ગણતરી ઉંધી પડી શકે છે. અત્યારે ઈપીએફઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે પીએફપર ૮.૧૫% વ્યાજદર નક્કી કરવામાં આવ્યો છે.

અહીંયા તમારી જાણ માટે કે થોડાક સમય પહેલાં જ ઈપીએફઓએ સભ્યોના ખાતામાં નામ, આધાર નંબર સહિત કુલ ૧૧ વિગતો અપડેટ કરવા માટે નવી પ્રક્રિયા જારી કરી છે. આ બાબતે બહાર પાડવામાં આવેલા નવા નોટિફિકેશન મુજબ ખાતાધારકને નામ, જાતિ, જન્મ તારીખ, પિતાનું નામ, સંબંધ, વૈવાહિક સ્થિતિ, જોડાવાની તારીખ, છોડવાનું કારણ, છોડવાની તારીખ, રાષ્ટ્રીયતા અને આધાર નંબર અપડેટ કરવાની મંજૂરી આપવામાં આવી છે.



બિહારના પટના જિલ્લામાં ભાજપના સાંસદ સતિષચંદ્ર દુબેની કાર સાથે એક ટ્રક અથડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ભાજપ સાંસદ સતિષચંદ્ર દુબેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતનો ભોગ બનેલી સાંસદ દુબેની કાર કાટમાળમાં ફેરવાઈ ગયેલી નજરે પડે છે.

# મસુરીની લાકડાની ૧૩૩ વર્ષ જુની હેરિટેજ હોટલ ‘ધી રિંક’ ખાખ

દહેરાદુન તા.૧૮

ઉતરાખંડનું જાણીતું ટુરીસ્ટ સ્થળ-૧૩૩ વર્ષ જુની હેરીટેજ હોટેલ ધી રીંક ગઈકાલે વહેલી સવારે લાગેલી આગમાં ભસ્મીભૂત થઈ ગઈ હતી. સદભાગ્યે આગ લાગવા સમયે હોટેલમાં કોઈ લોકો નહી હોવાથી જાનહાની નથી થઈ.

એક સમયે એશીયાનાં સૌથી મોટા વુડન ફલોર (લાકડાનો માળ) વાળા સ્કેટીંગ રીંગમાં એક ભાજમાં જુજ પણ આજ નામે હોટેલ ચાલતી હતી.

આગની આ ઘટનામાં રસ્તા પર ઉભેલી બે કારો પણ ઝપટમાં આવી જઈ ભંગાર બની ગઈ હતી.

સ્થાનિક લોકોનું કહેવુ છે કે હોટેલ ઘણી જૂની હતી. જેમાં હંમેશા સ્કેટીંગની સ્પર્ધાઓ યોજાતી હતી. અહી કુશ્તી પણ યોજાતી હતી. ૭૦ ના દાયકામાં અહીં કીંગકોગ અને દારાસિંહ વચ્ચે કુશ્તી યોજાઈ હતી. હાલ હોટેલમાં કામ ચાલુ રહ્યું હતું એટલે ખાલી હતી. એટલે જાનહાનીની ઘટના નથી બની. ઘણી જહેમત બાદ આગ કાબુમાં આવી હતી.અંદર સુતેલા હોટેલ માલીકનો સુરક્ષીત બહાર લાવવામાં આવ્યો હતો શોર્ટ સર્કીટથી આગ લાગ્યાનું બહાર આવ્યું છે.

## નિપાહ વાયરસ સંદર્ભે કેરળમાંથી રાહતના સમાચાર

# કેરળમાં સતત બીજા દિવસે નિપાહનો એકય કેસ ન નોંધાયો

તિરુવનંતપુરમ, તા.૧૮

કેરળમાંથી રાહતભર્યા સમાચાર મળ્યા છે. કારણ કે, ત્યાં સતત બીજા દિવસે જીવલેણ નિપાહ વાયરસનો એક પણ કેસ નથી નોંધાયો. કેરળ સરકારે રવિવારે જણાવ્યું કે, રાજ્યમાં નિપાહ વાયરસને નિયંત્રિત કરી લેવામાં આવ્યો છે. સતત બીજા દિવસે એક પણ કેસ નથી નોંધાયો અને સંક્રમિત દર્દીઓની સ્થિતિમાં સુધારો નોંધાઈ રહ્યો છે. કેરળમાં જયારથી નિપાહ વાયરસ નોંધાવાના સમાચાર મળ્યા હતા ત્યારથી ડરનો માહોલ બની ગયો હતો.

રાજયના આરોગ્ય મંત્રી વીના જોર્જે જણાવ્યું કે, હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે. કોઝિકોડમાં નિપાહની સ્થિતિની સમીક્ષા કરતી વખતે તેમણે મીડિયા સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, સંક્રમિત થયેલા ૪ લોકો સ્વસ્થ થઈ રહ્યા છે. ૯ વર્ષના એક બાળક સહિત ૪ સંક્રમિત દર્દીઓને હવે વેન્ટિલેટર પરથી હટાવી દેવામાં આવ્યું છે. નિપાહ વાયરસને ખતરનારક વાયરસ એટલા માટે માનવામાં આવે છે કારણ કે, તેનાથી સંક્રમિત થયેલા વ્યક્તિના મૃત્યુનું જોખમ ૪૦થી ૪૫% સુધી છે.હાલમાં નિપાહ વાયરસથી સંક્રમિત થયેલા લોકોનો ઈલાજ મોનોક્નોનલ એન્ટીબોડી દ્વારા કરવામાં આવી રહ્યો છે. સરકાર પાસે હાલમાં આ વાયરસનો સામનો કરવા માટે આ જ એકમાત્ર હથિયાર છે. કેરળના આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, મોનોક્નોનલ એન્ટીબોડી વેરિએન્ટ ૫૦થી ૬૦% સુધી જ અસરકારક છે. ઈન્ડિયન કાઉનેસિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) એ અમને આશ્વાસન આપ્યું છે કે, તેઓ નવી અને વધુ અસરકારક વર્ઝન વાળી મોનોક્નોનલ એન્ટીબોડી આપશે.આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, ૩૬ ચામાચીડિયાના સેમ્પલને પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા છે. તેના દ્વારા જાણી શકાશે કે, ક્યાંક ચામાચીડિયાની અંદર પણ આ વાયરસ નથી ને. તેમણે જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૧,૨૩૩ લોકોની ઓળખ કરવામાં આવી છે જેઓ સંક્રમિતોના સંપર્કમાં આવ્યા હતા.


SMFG Grihashakti
Nayi Asha. Naya Vishwas.

**એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ**

(અગાઉની ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ)
કોર્પોરેટ ઓફિસ- ૫૦૩ અને ૫૦૪, ૫મે માળે, જી-બ્લોક, ઈન્સ્પાયર બીકેસી, બીકેસી મેઈન રોડ, બાંદ્રાકુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂ) મુંબઈ-૪૦૦૦૫૧ (મહા.)
રજિસ્ટર્ડ ઓફિસઃ મેઘ ટાવર્સ, ફ્લોર ૩, જૂનો નં. ૩૦૭, નવો નં. ૧૬૫, પૂનામલ્લી હાઈ રોડ, મદુરાવોયલ, ચેન્નાઈ-૬૦૦૦૯૫ તામિલનાડુ

**સ્થાવર મિલકત માટે કબજા નોટિસ(એપેન્ડિક્સ –IV) (નિયમ-૮(૧))**

નીચે સહી કરનાર એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ(અગાઉની ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ) એક હાઉસિંગ ફાઈનાન્સ કંપની (નેશનલ હાઉસિંગ બેંક (આરબીઆઈ દ્વારા સંપૂર્ણ માલિકીની)સાથે ડ્યૂલી રજિસ્ટર થયેલ) (હવે પછી એસએમએફજીઆઈએચએફસીએલ તરીકે ઉલ્લેખ થશે) જેની રજિસ્ટર્ડ ઓફિસ મેઘ ટાવર્સ, ફ્લોર ૩, જૂનો નં. ૩૦૭, નવો નં. ૧૬૫, પૂનામલ્લી હાઈ રોડ, મદુરાવોયલ, ચેન્નાઈ-૬૦૦૦૯૫ તામિલનાડુ ખાતે આવેલ છે તેના અધિકૃત અધિકારીએ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (કાયદો), ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને સેક્શન ૧૩(૧૨) હેઠળ આપેલ સત્તાને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોનો ઉપયોગ કરીને સદર કાયદાના સેક્શન ૧૩(૨) હેઠળ તમને દેણદારો તરીકે (નામો નીચે આપેલ છે) નીચે જણાવેલ તારીખે ડિમાન્ડ નોટિસ મોકલાવેલ જેમાં સદર નોટિસમાં ઉલ્લેખ કરેલ રકમની તેના પરના વ્યાજ સાથે આ નોટિસ મળ્યાના દિન ૬૦માં પરત ચૂકવી જવા જણાવેલ.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, અત્રે નીચે જણાવેલ દેણદારોને તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો પ્રતીકાત્મક કબજો લીધો છે. ઉપરોક્ત દેણદારોને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ તેના વ્યાજસહિતની રકમ સાથે એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ અગાઉની ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ)ના ચાર્જને અધીન રહેશે.:

| ક્રમ નં. | દેણદાર(રો)/જામીનદાર(રો)નાં નામ ધિરાણ ખાતા નંબર | સિક્યોર્ડ અસ્કયામતો (સ્થાવર સંપત્તિ)નું વર્ણન | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | પ્રતીકાત્મક કબજાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ધિરાણ ખાતા નંબર ૬૦૦૧૦૭૨૧૦૪૫૪૦૦૬, ૬૦૦૧૦૭૫૧૦૪૮૩૧૬૫ અને ૬૦૦૧૩૯૫૧૦૭૬૧૧૮૯<br>૧) જિતને ભગવત પ્રસાદ પંચાલ તે ભગવતભાઈ પંચાલના દીકરા<br>૨) ભગવતપ્રસાદ ભાઈચંદભાઈ પંચાલ<br>૩) રક્ષા જિતેનભાઈ પંચાલ<br>રહે.: ડી-૩૦૬, રુદ્રાક્ષ ફ્લેટ, નિકોલ, અમદાવાદ, ડી માર્ટ રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૩૫૦. રહે. ૨ : ડી-૩૦૬, ઉજે માળ, બ્લોક નં.ડી, રુદ્રાક્ષ, દેવસ્ય સ્કૂલ પાસે, નિકોલ, અમદાવાદ, ડી માર્ટ રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૩૫૦. સરનામું : ૩: ડી-૩૦૬, રુદ્રાક્ષ ફ્લેટ, નિકોલ, અમદાવાદ, ડી માર્ટ રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૩૫૦. | પેટા-જિલ્લો અને જિલ્લો અમદાવાદ-૭ (ઓઢવ) મોજે નિકોલના ટીપી સ્કિમ નં. ૧૦૧, વધુ સ્પષ્ટ ફાઈનલ પ્લોટ નં. ૪૦, સર્વે નં.૩૫૯ની જમીન પર આવેલ રુદ્રાક્ષ નામની સ્કિમમાં આવેલ રહેણાંક ફ્લેટ નં.૩૦૬, બ્લોક-ડી, ઉજે માળે માપણી લગભગ ૮૫ ચો.વારના તમામ હક્કહિસ્સા. સીમાઓઃ પૂર્વેઃ માર્જિન તે પછી એફપી નં. ૩૯, પશ્ચિમેઃ ફ્લેટ નં. ૩૦૫ ઉત્તરેઃ ફ્લેટ નં. ૩૦૧ અને સંયુક્ત દીવાલ, દક્ષિણેઃ દાદર. | તા. ૦૭-૦૬-૨૦૨૩ રૂ.૧૧,૭૦,૦૩૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ સિત્તેર હજાર ત્રીસ પૂરા) અને એની પરના વ્યાજ અને અન્ય ચાર્જેસ ૨૫-૦૫-૨૦૨૩ મુજબ | તા. ૧૬-૦૯-૨૦૨૩ (પ્રતીકાત્મક કબજો) |

સ્થળઃ અમદાવાદ, ગુજરાત
તા. ૧૬-૦૯-૨૦૨૩

સહી /-
અધિકૃત અધિકારી
એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ(અગાઉની ફુલર્ટન ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ)


# મોદીએ નહેરૂની પ્રશંસા કરી તો પણ કોંગ્રેસના સભ્યોએ પાટલી ન થપથપાવીઃ સોનિયાનું સ્મિત

નવી દિલ્હીઃ આજે સંસદના ખાસ સત્રને સંબોધન સમયે અનેક રસપ્રદ ક્ષણો પણ સર્જાઈ હતી. સંસદના જૂના ભવનમાં આજે આખરી બેઠક હતી. કાલે સવારથી હવે સંસદ નવા આધુનિક ભવનમાં બેસશે અને તે પુર્વે જુના ભવન પાસે ફોટોસેશન થશે તો ગણેશ ચતુર્થીના શુભ મુર્હુતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાથમાં બંધારણની પ્રત લઈને દાખલ થશે. આજે લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાષણ ૫૦ મીનીટથી વધુ ચાલ્યુ હતું. તેના પર કટાક્ષ કરતા લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ તેમના વકતવ્યમાં યાદ કરાવ્યું કે ભૂતકાળમાં સ્વ. વડાપ્રધાન જવાહરલાલ નહેરુ લોકસભામાં બોલતા અને તો તેમના ફાળવાયેલા સમય કરતા વધુ સમય

### અધિર રંજને અધ્યક્ષની ‘ઘંટડી’ યાદ અપાવીઃ ખડગેએ વોશિંગ મશીનનો પણ ઉલ્લેખ કર્યો

જતો અધ્યક્ષ ઘંટડી વગાડતા અને વડાપ્રધાન પણ તુર્તજ ભાષણ પુરુ કરી દેતા હતા. તેમનો ઈશારો મોદીના ૫૦ મીનીટથી વધુના ભાષણ પર હતો. શ્રી મોદીએ તેમના ભાષણમાં સ્વ. વડાપ્રધાન જવાહરલાલ નહેરુને યાદ કર્યા હતા.તેઓએ કહ્યું કે નહેરુની ઉપલબ્ધી ગુણગાન હોય તો કોણ સભ્ય હશે જે તાળીઓ પાડવાનું ના કહે પણ અહી લોકતંત્ર છે બધુ જોવુ પડે છે. તેઓએ કોંગ્રેસના સભ્યોએ તાળીઓ ના પાડી તેના પર કટાક્ષ કર્યો અને સોનિયા ગાંધી પાછળ ફરીને કોંગ્રેસના સભ્યો સાથે ખુશ થઈને વાતો કરતા જોવા મળ્યા હતા. કોંગ્રેસના શ્રી અધિર રંજને તેમના ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયાં ચુકી ગયા હતા તે ઉલ્લેખ કર્યો અને કોંગ્રેસના શાસનમાં રાઈટ-ટુ એજયુકેશન, રાઈટ ટુ ફુડ રાઈટ ટુ ઈન્ફર્મેશન જેવા પગલા લેવાયા તેનો ઉલ્લેખ કર્યો અને અધિર રંજને નહેરુને યાદ કરી વર્તમાન સરકાર પર પ્રહાર કર્યા તો સોનિયા ખુશ થયા હતા.

# ચૂંટણી કમિશ્નરોનો દરજજો ઘટાડતું વિધેયક રોકવા ૯ પુર્વ સીઈસીનો વડાપ્રધાનને પત્ર

નવી દિલ્હી તા.૧૮

મુખ્ય ચૂંટણી કમિશ્નર (સીઈસી) અને ચુંટણી કમિશ્નરોની નિયુકિત સંબંધીત કમિશ્નરોની નિયુક્તિ સંબંધીત વિધેયક પર સંસદમાં ચર્ચા થનારી છે તેના પહેલા દેશના ૯ પુર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરોએ વડાપ્રધાન મોદીને પત્ર લખીને જણાવ્યું છે કે આ વિધેયક રોકી દેવામાં આવે. કારણ કે તેમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચુંટણી કમિશ્નરનો દરજજો ઘટાડી દેવામાં આવ્યો છે.

### વિધેયકમાં ચુંટણી કમિશ્નરોને દરજજો સુપ્રીમ કોર્ટના જજની સમકક્ષના બદલે કેબીનેટ સચીવના બરાબર કરવા સામે વિરોધ

વિધેયકમાં સીઈસી અને ચુંટણી કમિશ્નરનો દરજજો સુપ્રીમ કોર્ટમાં જજની બરાબરથી ઘટાડીને કેબીનેટ સચીવની બરાબર કરવાની વાત કરવામાં આવી છે.

પુર્વ મુખ્ય ચુંટણી કમિશ્નરો જે.એમ.લિંગદોહ, ટી.એસ.કૃષ્ણમૂર્તિ, એન.ગોપાલસ્વામી, એસ.વાય.કુરેશી, વી.એસ.સંપત, એચ.એસ.બ્રહ્મા, સૈયદ, નસીમ જૈદી, ઓ.પી.રાવત અને સુશીલ ચંદ્રે જણાવ્યું છે કે સીઈસી અને ચુંટણી કમિશ્નરનો દરજજો ઘટાડવાના પ્રસ્તાવથી તેના નોકરશાહીથી સ્વતંત્ર હોવાની ધારણા પર પ્રતિકુળ અસર પડી શકે છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનને લખાયેલા આ સંયુક્ત પત્રમાં હાલના મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરાના હસ્તાક્ષર નથી. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારનું કોમ્યુનીકેશન હાલના સીઈસી કે ચુંટણી કમિશ્નરોના અધિકાર ક્ષેત્રમાં છે. પત્રમાં સીઈસી અને ચુંટણી કમિશ્નરોના વેતન અને સેવા શરતોને કેબીનેટ સચીવના સમાન બનાવવાને લઈને ચિંતા વ્યક્ત કરાઈ છે. આથી બંધારણના અનુચ્છેદ ૩૨૫ની સાથે વિસંગતિ પેદા થઈ છે, જે માત્ર મહાભિયોગ દ્વારા આઈસીને હટાવવાની વાત કરે છે, જેવું સુપ્રીમ કોર્ટના જજ માટે છે.

પુર્વ આઈસીઓએ પત્રમાં લખ્યું છે કે આ વિધેયકથી ચુંટણી પંચના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર મળેલી માન્યતા પર પ્રતિકુળ અસર પડશે. પત્રમાં જણાવ્યું હતું કે ભારતની ચુંટણી, ચુંટણી પંચ અને ચુંટણી કમિશ્નરોને દુનિયાભરમાં સન્માનથી જોવામાં આવે છે. એટલા માટે કે અહીં ચુંટણી સ્વતંત્ર અને નિષ્પક્ષ કરાવવામાં આવે છે,


**અદાણી ટોટલ ગેસ લિમિટેડ**
adani Gas
(અગાઉ અદાણી ગેસ લિમિટેડ તરીકે જાણીતી)

**પોસ્ટલ બેલેટ નોટિસ**

અદાણી ટોટલ ગેસ લિમિટેડ ("કંપની") ના સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૦૮, ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો, તદુપરાંત કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) ના નિયમો, ૨૦૧૪ ના નિયમો ૨૦, ૨૨ અનુસાર, તદુપરાંત મંત્રાલય કોર્પોરેટ અફેર્સ, ભારત સરકાર દ્વારા જારી કરાયેલી કરાયેલી સામાન્ય પરિપત્ર ક્રમાંક ૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૦, ૦૨/૨૦૨૦ તારીખ, ૩૩/૨૦૨૦ તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦, ૩૯/૨૦૨૦ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦, ૧૦/૨૦૨૧ તારીખ ૨૩મી જૂન, ૨૦૨૧, ૨૦/૨૦૨૧ તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૨૧, ૩/૨૦૨૨ તારીખ ૫મી મે, ૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ ('એમસીએ પરિપત્રો'), ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ જનરલ મીટિંગ્સ પર સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") અને કોઈપણ અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (કોઈપણ વૈધાનિક ફેરફાર સહિત) અથવા તેના પુનઃઅધિનિયમ(ઓ), કે જે હાલના સમય માટે અમલમાં છે) તે અનુસાર કંપની વિશેષ વ્યવસાય માટે સાધારણ તથા ખાસ ઠરાવો માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમથી (એટલે કે રિમોટ ઈ-વોટિંગથી).

પોસ્ટલ બેલેટ નોટિસ ("નોટિસ") ની ઇલેક્ટ્રોનિક નકલો સ્પષ્ટીકરણ નિવેદન સાથે સોમવાર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ તે સભ્યોને મોકલવામાં આવી છે કે જેમના નામ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ ("CDSL") માંથી પ્રાપ્ત થયેલા સભ્યોના રજિસ્ટર/ લાભદાયી માલિકોની સૂચિ પર શુક્રવાર, તારીખ ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ (કટ-ઓફ તારીખ) ના રોજ દેખાય છે અને જેમણે કંપની/ડિપોઝિટરીઝ સાથે તેમના ઈ-મેલ સરનામાં રજીસ્ટર કર્યા છે. પોસ્ટલ બેલેટ નોટિસની ભૌતિક નકલો પોસ્ટલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઇડ બિઝનેસ રિપ્લાય એન્વલપ્સ સાથે આ પોસ્ટલ બેલેટ માટે સભ્યોને એમસીએ પરિપત્રોમાં આપવામાં આવેલી મુક્તિને અનુરૂપ મોકલવામાં આવી રહી નથી. પોસ્ટલ બેલેટ નોટિસમાં ઉલ્લેખિત દસ્તાવેજો નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે અને નિરીક્ષણ કરવા માંગતા સભ્યો investor.agl@adani.com પર ઇમેઇલ મોકલી શકે છે.

નોટિસ કંપનીની વેબસાઇટ એટલે કે www.adanigas.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ એટલે કે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર અને NSDL વેબસાઇટ એટલે કે https://www.evoting.nsdl.com/ પર ઉપલબ્ધ છે.

કંપની નેશનલ સિક્યોરિટિસ ડિપોઝિટરીસ લિમિટેડ ("એનએસડીએલ") દ્વારા પૂરી પાડવામાં આવતી ઈ-વોટિંગ સેવાઓ દ્વારા ઇલેક્ટ્રોનિક માધ્યમથી સભ્યોને તેમના મત આપવાના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે. નોટિસમાં ઈ-વોટિંગ માટેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે.

રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ છે:

| | |
|---|---|
| ઇ-વોટિંગની શરૂઆત | બુધવાર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે (IST) |
| ઇ-વોટિંગનું સમાપન | ગુરૂવાર, ૧૯મી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે (IST) |

સીડીએસએલ દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ ત્યાર બાદ મતદાન માટે અક્ષમ કરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન, શુક્રવાર, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ ("કટ-ઓફ તારીખ") ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપી શકે છે. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે, તે પછીથી તેને બદલવાની મંજૂરી નથી. સભ્યોના મતદાન અધિકારો કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ કંપનીની પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીના તેમના હિસ્સાના પ્રમાણમાં હશે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખ ના રોજ સભ્ય નથી, તેઓએ બંધ તારીખ આ સૂચનાને માત્ર માહિતીના હેતુ માટે જ ગણવી જોઈએ.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે શ્રી ચિરાગ શાહની (સદસ્ય નંબર. FCS ૫૫૪૫; CP નં.: ૩૪૯૮), કે જે કંપની સેક્રેટરીની પ્રેક્ટિસ કરે છે, તેઓની નિષ્પક્ષ અને પારદર્શક રીતે પોસ્ટલ બેલેટ પ્રક્રિયા હાથ ધરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણૂક કરી છે.

સ્ક્રુટિનાઈઝર તેમનો રિપોર્ટ કંપનીના ચેરમેન અથવા કોઈપણ અધિકૃત વ્યક્તિને સુપરત કરશે અને પોસ્ટલ બેલેટના પરિણામો ૮મી એપ્રિલ ૨૦૨૩ ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. આ પરિણામો કંપનીના રજિસ્ટર્ડ ઓફિસમાં પ્રદર્શિત કરવામાં આવશે અને તેને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE") અને બીએસઈ લિમિટેડ ("BSE") ની વેબસાઇટ પર પણ અપલોડ કરવામાં આવશે. વધુમાં, પરિણામો કંપનીની વેબસાઇટ www.adanigas.com અને NSDL ની વેબસાઇટ https://www.evoting.nsdl.com પર પણ અપલોડ કરવામાં આવશે.

ઈ-વોટિંગ સંબંધી કોઈપણ પ્રશ્નો હોય, તો સભ્યો તે માટે www.evoting.nsdl.com ઉપર ડાઉનલોડ સેક્શનમાં (ફ્રીક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન્સ - "FAQs" (અવારનવાર પુછાતા પ્રશ્નો) અને ઈ-વોટિંગ મેન્યુઅલ નો ઉપયોગ કરી શકે છે અથવા evoting@nsdl.co.in પર ઈ-મેઈલ કરી શકે છે અથવા નંબરઃ ૦૨૨-૪૮૮૬૭૦૦૦/ ૨૪૯૯૭૦૦૦ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે.

**અદાણી ટોટલ ગેસ લિમિટેડ વતી,**
**ગુંજન ટાંક**
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ: ૧૮-૦૯-૨૦૨૩

**રજીસ્ટર્ડ ઓફિસ:** "અદાણી કોર્પોરેટ હાઉસ", શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ - ૩૮૨૪૨૧, ગુજરાત, ભારત.
ફોન નં.: +૯૧-૭૯-૨૬૫૬ ૫૫૫૫ | ફેક્સ નં.: +૯૧-૭૯-૨૫૫૫ ૫૫૦૦ | વેબસાઈટ: www.adanigas.com
સીઆઈએન: L40100GJ2005PLC046553



## ભાજપ બિહારમાં મોટી રમત રમવાની તૈયારીમાં

# નીતિશને ભાજપે બિહારના રાજ્યપાલપદની ઓફર કરી

પટના, તા.૧૮

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ બિહારમાં મોટી રમત રમવાની તૈયારીમાં છે. જો ભાજપની આ રમત સફળ થાય તો મુખ્ય પ્રધાન નિતીશ કુમાર ફરી એકવાર એનડીએમાં સામેલ થઇ શકે છે. જોકે આમ કરવા માટે નિતીશ કુમારને ભાજપની ઓફરનો સ્વિકાર કરવો પડશે.

રાજકીય વિદ્વાનોનું કહેવું છે કે, ૨૦૨૪ના પરિણામો ભાજપની તરફેણમાં જાય તો નવી સરકાર બનાવતી વખતે જેડીયુને મહત્વ અપાશે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં થઇ રહી છે. એટલે કે જેડીયુના કોટામાંથી ૩ કેન્દ્રિય પ્રધાન તથા ૧ રાજ્ય પ્રધાન બનાવવામાં આવે તેવી શક્યાતાઓ છે. આ માટે શરત માત્ર એટલી છે કે બિહારમાં યોજાનાર મુખ્ય પ્રધાનની ચૂંટણીમાં ભાજપ મુખ્ય પ્રધાનનો ઉમેદવાર આપે. રાજ્યમાં એનડીએની સરકાર આવે તો જેડીયુના કોટામાંથી નાયબ મુખ્ય પ્રધાન તથા અન્ય પ્રધાન બનાવવાની શક્યતાઓ રહેલી છે. એવી ચર્ચાઓ પણ ચાલી રહી છે.



જોકે આ અંગે હજી સુધી કોઇ અંતિમ નિર્ણય આવ્યો નથી. જેડીયુના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે, અહીં કોઇ કોઇના કાયમી દુશ્મન હોતા નથી. ભવિષ્ય અને રાજ્યનો વિકાસ જોઇને સરકાર સ્થાપવામાં આવે છે. આ બાબતે પક્ષ અંતિમ નિર્ણય લેશે. જો પક્ષમાં બધા જ એકમત હશે તો આવનારી વિધાનસભા ભાજપ સાથે મળીને લડીશું. આ અંગે પક્ષના વડાના આદેશ અને માર્ગદર્શન અનુસાર આગળની રણનિતી પર કામ થશે.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભાજપે નિતીશ કુમારને અગાઉ પણ મહારાષ્ટ્રના રાજ્યપાલ પદ માટેની ઓફર આપી હતી. જોકે તે વખતે નિતીશ કુમાર રાષ્ટ્રપતિ અથવા તો ઉપરાષ્ટ્રપતિ પદ માટે જીદ પકડીને બેઠા હતાં. જોકે જે તે વખતે આ ચર્ચાઓ સફળ થઇ શકી નહતી. આગામી લોકસબા તથા વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા રાજયસભાના ઉપસભાપતિ હરિવંશ તથા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ મારફતે નિતીશ કુમાર સાથે ચર્ચા ચાલી રહી છે એમ કહેવાઇ રહ્યું છે. નિતીશ કુમારે હાલમાં જ રાજભવનમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી સપ્ટેમ્બરના રોજ બિહારના ઝંઝારપૂર લોકસભા મતદારસંઘની એક જાહેર સભામાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે રાજદ ના પ્રમુખ લાલુપ્રસાદ યાદવ તથા ઈન્ડિયા ગઠબંધન પર ટિકા કરી હતી. જોકે પોતાના ભાષણમાં અમિત શાહ નિતિશ કુમારને માત્ર સલાહ આપતા દેખાયા હતાં. તેમણે નિતીશ કુમાર પર કોઇ પણ ગંભીર આક્ષેપો કર્યા નહતાં.

### હપ્તાની યાદ અપાવવા એસબીઆઇ લોનધારકને મોકલે છે ચોકલેટ!

મુંબઈ તા.૧૮

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)એ લોન ધારકોને ખાસ કરીને રિટેલ ગ્રાહકોને હપ્તો (ઈએમઆઈ)ના પેમેન્ટની યાદ દેવડાવવા અનોખી તરકીબ અજમાવવાની પહેલ કરી છે બેન્કે જણાવ્યું હતું કે માસિક હપ્તો ભૂલી જનાર ગ્રાહકોને યાદ દેવડાવવા લોન ધારકોને ચોકલેટ મોકલવામાં આવશે. લોન ધારકને હપ્તાની યાદ દેવડાવવા છતાં કોઈ જવાબ નહીં આપે તો તેના ઘેર ચોકલેટ મોકલવાનો આ સારો વિકલ્પ છે. વ્યાજ દરોમાં ચોકલેટનું એક પેકેટ લઈ જવા અને વ્યકિતગત રીતે લોન ધારકોને મળવા આ નવી રીત અપનાવાઈ છે. બેન્કે જણાવ્યું હતું કે આ પહેલને અત્યાર સુધીમાં જબરદસ્ત સફળતા મળી છે.


**PUBLIC NOTICE**
**M/S VERACITY FINANCIAL SERVICES PRIVATE LIMITED**
301, Ashirvad Paras, B/h Sales India, 100ft Corporate Road, Prahladnagar, Ahmedabad – 380015.

**Notice for Surrender of Certificate of Registration as Depository Participant**

Notice is hereby given by M/s Veracity Financial Services Private Limited, DP ID 79000 that it is going to surrender its SEBI registration certificate as Depository Participant of CDSL DP, SEBI Registration No. "IN-DP-CDSL-713-2014." Beneficial Owners have been already informed for closure cum transfer of their accounts as per process. Notice period has been expired. BO's are requested to approach CDSL office directly for closure cum transfer request



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**વસ્ત્રાલ શાખા :** શોપ નં. ૭ થી ૧૨ જીએફ 'બી', પ્લાઝા પુષ્પ બિઝનેસ કેમ્પસ, એસ.પી. રીંગ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨૪૧૮ ફોન.Tele 915294174
E-Mail : DBVAST@bankofbaroda.com
website:- www.bankofbaroda.com

**કબજા નોટિસ**
ANNEXURE 3 (સ્થાવર મિલકત માટે)

આથી,
નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (સેકન્ડ) એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ-૩ સાથે વાંચતા કલમ ૧૩(૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી, **તા.૧૫-૦૪-૨૦૨૩ના રોજ માંગણા નોટિસ** જારી કરી હતી જે અનુસાર બેંક ઓફ બરોડાના **ઋણકર્તા શ્રીમતિ સ્મિતા ભાવેશ ઉપાધ્યાય અને શ્રી ભાવેશ પ્રકાશચંદ્ર ઉપાધ્યાય એ શ્રી નરેશ પ્રકાશચંદ્ર ઉપાધ્યાય** ને નોટિસમાં જણાવ્યા મુજબ બેંકની લેણી રકમ **રૂા.૧૨,૪૦,૫૩૦.૩૨** (અંકે રૂપિયા બાર લાખ ચાલીસ હજાર પાંચસો ત્રીસ અને પૈસા બત્રીસ પુરા) આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં ચુકવવા જણાવેલ હતું.

ઋણકર્તા બેંકની લેણી રકમ પરત કરવામાં નિષ્ફળ જવાથી ખાસ ઋણકર્તા અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતનો સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સહિત વંચાણે લેતાં સદર કાયદાની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ મળેલ સત્તાની રૂએ **તારીખ ૧૪-૦૯-૨૦૨૩ ના રોજ ખાલી મિલકતનો સાંકેતિક કબજો મેળવી લીધેલ છે.**

ઋણકર્તા/જામીનદાર/ગીરોદારોને ખાસ અને જાહેર જનતાને સામાન્યતઃ ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી અથવા કોઈપણ પ્રકારનો વ્યવહાર તે મિલકત અંગેનો **બેંક ઓફ બરોડાનારૂા.૧૨,૪૦,૫૩૦.૩૨** (અંકે રૂપિયા બાર લાખ ચાલીસ હજાર પાંચસો ત્રીસ અને પૈસા બત્રીસ પુરા) વત્તા તેની પર કોન્ટ્રેકચ્યુઅલ રેટ મુજબ ચડતા વ્યાજ, કોસ્ટસ, ચાર્જીસ અને પેમેન્ટ આવે તે તારીખ સુધીના ખર્ચા વગેરેના બોજાને આધિન રહેશે.

ઋણકર્તા ને સરફેસી એક્ટની સેક્શન ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઈઓ અનુસાર સુરક્ષિત મિલકતોને બચાવવા માટે પ્રાપ્ય થતા સમય અંગે ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

મિલકત ફ્લેટ- નં. સી/૫૦૧, પાંચમા માળ પર, શાલીન હાઈટ્સ-૧, આકૃતિ ટાઉનશીપ પાસે, શ્રીનાથ રેસિડેન્સી સામે, લાંભા-નારોલ રોડ, નારોલ, અમદાવાદ-૩૮૨૪૦૫, એનએ લેન્ડ બેરીંગ રેવન્યુ સર્વે નં. ૫૭૩ ક્ષેત્રફળ આશરે ૮૫.૨૮ ચો.મી. ટીપી સ્કીમ નં. ૫૮, ફાઇનલ પ્લોટ નં. ૫૫/૧ અને ૫૫/૨. મોજે વટવા, આરએસઆર ન.૫૭૩, ટીપી નં. ૫૮, એફપી નં. ૫૫/૧ અને ૫૫/૨, તાલુકો અમદાવાદ, સીટી જિલ્લો -અમદાવાદ, સબ જિલ્લો અમદાવાદ-૧૧ (અસલાલી) ખાતે આવેલ છે, કે જેની ચતુઃસીમા નીચે મુજબ છે.
ઉત્તરે : બ્લોક - ડી, દક્ષિણે : ફ્લેટ નં. સી/૫૦૨,
પૂર્વે : સર્વે નં. ૫૯૫, પશ્ચિમે : ફ્લેટ નં. સી/૫૦૪.

તારીખ : ૧૪-૦૯-૨૦૨૩
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
બેંક ઓફ બરોડા